# શહેરમાં કોરોના વિસ્ફોટ : વધુ ૧૩ કેસ

## સેક્ટર-૭એ, ૨બી, ૨૧, ૧૩બી, ૧૫ ફતેપુરા, ૨૭, ૮, ૩૦, ૨૬, અને ઈન્ફોસીટી ટાઉનશીપમાં એક-એક કેસ જ્યારે સેક્ટર-૨૩ અને ૨૪માં બે-બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝીટીવના ૧૩ કેસ મળી આવતાં મનપા તંત્રમાં હડકંપ મચી જવા પામી છે. આજે નોંધાયેલા ૧૩ કેસમાં પાંચ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા આ ૧૩ કેસ સાથે ગાંધીનગર શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૨૪૫૨ પહોંચી છે. આ પૈકી ૮૦ જેટલા દર્દીઓ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે. જ્યારે ૪૨ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૨ દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયા છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૭-એ, સે. ૨-બી, સે. ૨૧, સે. ૨૩, સે. ૨૪, સે. ૧૩-બી, સે. ૧૫, સે. ૨૭, ઈન્ફોસીટી ટાઉનશીપ, સે. ૮, સે. ૩૦, સે. ૨૬નો સમાવેશ થાય છે.

તંત્ર દ્વારા આ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા છે અને દર્દીઓના ઘરને સેનીટાઈઝેશન કરવા ઉપરાંત આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સ તેમજ કન્ટેનમેન્ટઝોન જાહેર કરવાની કામગીરી હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે ઈન્ફોસીટી ટાઉનશીપમાંથી મળી આવેલ દર્દી નર્મદા નિગમમાં સેવારત છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે. નર્મદા નિગમમાંથી અગાઉ પણ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા હતા તેમના સંપર્કમાં આ દર્દી આવ્યો હોવાનું મનાઈ રહ્યુ છે.

આ ઉપરાંત સે. ૮ માંથી પણ આજે વધુ એક દર્દી મળી આવેલ છે. આ દર્દી પણ નર્મદા નિગમમાં સેવારત હોવાનું જાણવા મળેલ છે. આમ નર્મદા નિગમમાં કોરોનાથી સંક્રમિત થયેલ દર્દીઓની સંખ્યા ૪ જેટલી થવા જાય છે. સે. ૮ ના દર્દીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મેળવતા દર્દીઓ હવે શુકન-અપશુકન જુવે છે...

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની કોવિડ હોસ્પિટલમાંથી દર્દીઓ ડિસ્ચાર્જ મેળવતાં શુકન-અપશુકનના ચક્કરમાં અટવાઈ જાય છે. બુધવારે ના જવાય, બિલાડી આડે આવી હવે ના જવાય, ગુરૂવાર એટલે સામો કાળ ગણાય, અમાસના દિવસે પણ રજા ના લેવાય.

આવા જાત-જાતના તર્કવિતર્ક સાથે દર્દીઓ અને તબીબો વચ્ચે સિવિલ કેમ્પસમાં મીઠી નોંક-ઝોક જોવા મળે છે અરે એક-બે દર્દીઓએ ડિસ્ચાર્જ લીધા પછી બિલાડી આડે આવી હવે ઘરે ના જવાય એમ કહી ફરી દાખલ કરવા તબીબોને જણાવ્યુ હતુ.

જિલ્લાતંત્ર પણ કોવિડ-૧૯ના દર્દીઓને કોવિડ કેર સેન્ટર તેમજ અન્ય ડેઝીગ્નેટેડ કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓને ઝડપથી ટ્રાન્સફર કરવામાં આવે તેવો આગ્રહ રાખી રહેલ છે. બીજી તરફ દર્દીઓ પણ શુકન-અપશુકનના શ્રદ્ધાના ચક્કરમાં તંત્રના અધિકારીઓની પરેશાની વધારી રહ્યા છે.



મેઘા રે મેઘા રે... હજુ ચોમાસુ વિધિવત રીતે બેઠુ નથી ત્યાં તો આકાશમાં વાદળો છવાયા છે. વરસાદી માહોલ બંધાયો હોય તેવુ લાગી રહ્યુ છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા નિસર્ગ વાવાઝોડાના પગલે સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ. કેટલાક સ્થળોએ વરસાદી ઝાંપટુ પણ પડ્યુ હતુ. આકરા ઉનાળામાં બદલાયેલુ આ વાતાવરણ ખૂબજ આહલાદક લાગે છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૧ કેસ

## ગાંધીનગર તાલુકામાં ૬ તો કલોલ-દહેગામમાં બે-બે કેસ નોંધાયા પેથાપુર-કુડાસણમાં વધતા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૦ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે.

મળી આવેલા ૧૦ કેસોમાં ગાંધીનગર તાલુકામાં ૬ કેસ, કલોલમાં ૨ કેસ અને દહેગામમાં પણ ૨ કસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના પાલજ-રામપુરા ખાતેથી બે કેસ મળી આવ્યા છે. આ બન્ને દર્દી રિક્ષા ચલાવી રોજગારી મેળવતા હતા. તેમના નમૂના લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. જ્યાં તેમના રિપોર્ટ પોઝીટીવ આવતાં બન્નેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામેથી એક ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે ઓઢવ વિસ્તારમાં આવેલ એક એન્જીનીયરીંગ કંપનીમાં આ યુવાન નોકરી કરે છે અને તે અપડાઉન કરતો હતો. તંત્રએ યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી પરિવારના અન્ય સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત પેથાપુરમાં રહેતા એક ૩૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. પેથાપુરમાં વધતા જતા કેસો તંત્રની ચિંતાનો વિષય બન્યા છે.

આ યુવક સે. ૨૮ના સિમેન્ટ ગોડાઉન સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળેલ છે. યુવકને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરી અને તેના પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

તાલુકાના નાના ચિલોડા ખાતેથી એક યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવતી ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ એક ખાનગી હોસ્પિટલમાં નોકરી કરે છે. તંત્રએ યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકામાં પેથાપુર પછી કુડાસણમાં પણ કોરોનાના કેસોની સંખ્યા વધી રહી છે. જે તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે.

કુડાસણ ખાતે સનફ્લાવર હાઈટ્સમાં રહેતા એક બિલ્ડરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૪ વર્ષીય આ બિલ્ડરને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડી અને તેના પરિવારજનોને હોમ ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર તાલુકાના મગોડી ખાતેથી પણ એક ૬૪ વર્ષીય વૃદ્ધનો આજે રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વૃદ્ધ કેવી રીતે સંક્રમિત થયા છે તે જાણી શકાતુ નથી. જો કે તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૮૬૬૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. નોંધાયેલા દર્દીઓ પૈકી ૧૦૭ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે. હાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૮૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

### દહેગામમાં બે મહિલા કોરોનાથી સંક્રમિત

ગાંધીનગર જિલ્લાના દહેગામ અર્બન વિસ્તારમાંથી આજે વધુ બે મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

એક મહિલા નાનકડી દુકાન કરિયાણીની ચલાવતી હોવાનું જાણવા મળેલ છે. જ્યારે બીજી મહિલા સંક્રમિત પરિવાર સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે. બન્ને મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

### કલોલના તબીબ અને ગ્રામ્ય વિસ્તારના વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આજે વધુ બે દર્દીઓ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ બે દર્દીઓમાં એક તબીબ તેમજ મોટી ભોંયણ ગામના એક વૃદ્ધનો સમાવેશ થાય છે.

કલોલ શહેર સહિત આસપાસના વિસ્તારોમાં એનેસ્થેસ્ટીક તરીકે સેવાઓ આપતા એક તબીબ સંક્રમિત થયા છે. તેઓએ અમદાવાદ ખાતે તેમનો રિપોર્ટ કરાવ્યો હતો અને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા છે.

આ ઉપરાંત મોટી ભોંયણ ગામેથી એક વૃદ્ધનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે. આ વૃદ્ધ આ ગામમાંથી ગઈકાલે મળેલ એક વૃદ્ધા દર્દીના પરિવારના સભ્ય છે. તંત્રએ તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા છે.

# કોંગ્રેસના બે ધારાસભ્યોના રાજીનામા

## ગુજરાતમાં ૨૦૧૭ જેવી સ્થિતિનું ફરી નિર્માણ થયું : હજુ વધુ એક રાજીનામું પડે એવી શક્યતા, ભાજપે ત્રીજી બેઠક કોઈ પણ ભોગે મેળવવા તમામ સોગઠાં ગોઠવ્યા

અમદાવાદ, તા. ૪

ગુજરાતમાં રાજ્યસભાની ચાર બેઠકો માટેની ચૂંટણી પહેલા કોંગ્રેસને આંચકો લાગ્યો છે. ગુરુવારે પાર્ટીના બે ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે, જ્યારે ત્રીજી ધારાસભ્યની પણ રાજીનામું આપવાની સંભાવના છે. ૪ બેઠકો માટે ૧૯ જૂને ચૂંટણી યોજાવાની છે. એક દિવસ પહેલાં જ કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો સીએમ વિજય રૂપાણી અને નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલને મળ્યા હતા, તેઓએ કોરોના પર ચર્ચા કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર કરજણ બેઠકના ધારાસભ્ય અક્ષય પટેલે રાજીનામું આપી દીધું છે, જ્યારે કપરાડાના ધારાસભ્ય જીતુ ચૌધરી હવે પાર્ટી સાથે સંપર્કમાં નથી. પાર્ટી માની રહી છે કે તેમણે પણ રાજીનામું આપી દીધું છે. આ ઉપરાંત અન્ય ધારાસભ્ય પણ રાજીનામું આપે તેવી સંભાવના છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના એક નેતાએ કહ્યું કે, જો ભાજપ અન્ય રાજ્યોમાં પણ આવી કામગીરી કરી શકે છે, તો ગુજરાત તેમનું વતન છે.





આ વખતે ગુજરાતમાં રાજ્યસભાની ૪ બેઠકો ખાલી છે. ગુજરાત વિધાનસભામાં ભાજપ પાસે ૧૦૩ ધારાસભ્યો છે. કોંગ્રેસ પાસે ૬૮ ધારાસભ્યો છે, ભારતીય જનજાતિ પાર્ટી (બીટીપી) ના ૨ અને એનસીપીના એક સભ્ય છે. રાજ્યસભાની એક બેઠક જીતવા માટે ૩૫.૦૧ મતો જરૂરી છે. અત્યાર સુધીમાં કોંગ્રેસ ૨ બીટીપી ધારાસભ્યો અને એક અપક્ષ સાથે તેમની સંખ્યા ૭૧ તરીકે ધ્યાનમાં લેતી હતી. આ રીતે તે સરળતાથી ૨ બેઠકો જીતવાનું સપનું જોતી હતી. બીજી તરફ, ભાજપને ૩ બેઠકો જીતવા માટે ૧૦૬ ધારાસભ્યોની જરૂર પડશે. આનો અર્થ એ થયો કે ભાજપને તેના ત્રણેય ઉમેદવારોને જીતવા માટે વધુ ૩ મતોની જરૂર પડશે. ભાજપે અભય ભારદ્વાજ, રમીલા બારા અને નરહરિ અમીનને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે કોંગ્રેસે વરિષ્ઠ નેતાઓ શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને મેદાનમાં ઉતાર્યા છે. બીજેપીએ નરહરિ અમીનને ત્રીજા ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે.

# હવે, શહેરના તમામ સેકટરોમાં કોરોનાની એન્ટ્રી : કેસ વધતા ચિંતા

## હવે શહેરનુ એક પણ સેકટર કોરોનાના સંક્રમણથી બાકાત નથી : દરેક સેકટરમાં કેસ નોંધાયા છે : કોરાનાને માત આપવા માટે સ્વયંશિસ્ત દાખવી સોશિયલ ડીસ્ટન્સીંગ નો કડક અમલ જરૂરી

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં કોરોનાના કેસ રોજબરોજ વધી રહ્યા છે. છેલ્લા બે દિવસમાં નવા કેસની સંખ્યા પણ બમણી થઈ છે. શરૂઆતના તબક્કામાં વિદેશ પ્રવાસથી આવેલ યુવાન સંક્રમિત હોવાનુ ધ્યાને આવ્યા બાદ અમદાવાદની ટ્રાવેલ હીસ્ટ્રી ધરાવતા કેસ પણ સામે આવ્યા હતા. જયારે હવે અનલોક વનની સ્થિતિમાં વેપાર ધંધા ધમધમતા થયા છે ત્યારે કેસની સંખ્યા પણ વધી રહી છે. એક તબક્કે કયા સેકટરમાં કેસ આવ્યો છે તે જાણવા માટે નાગરિકો સતત પુછતાછ કરતા હતા જયારે આજે શહેરના તમામ સેકટરોમાં કોરોનાએ પગપેસારો કરી લીધો છે. નગરનુ એક પણ સેકટર કોરોનાના સંક્રમણથી બાકાત રહ્યુ નથી ત્યારે કોરોના સામે જીત મેળવવા ભય રાખ્યા વિના નાગરિકોએ સરકારી ગાઈડલાઈનના અમલ સાથે વધુ સર્તકતા દાખવવાની જરૂરિયાત છે.

ગાંધીનગરમાં કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધતો જાય છે. દિવસો જાય તેમ કોરોનાના કેસ પણ વધતા જાય છે. કોરોનાના લીધે નાગરિકોમાં ભય પણ વધી રહ્યો છે. લોકડાઉન ફોરમાં સરકારે મોટાભાગની છુટછાટો આપી દીધા બાદ શહેરનુ જનજીવન સામાન્ય બનતુ જાય છે. જો કે હજુ શાળા કોલેજો , મંદિરો, શોપિંગ મોલ તેમજ થિયેટર સહીત ધાર્મિક અને રાજકીય મેળાવડા બંધ રાખવા માટે જ સુચના આપવામાં આવી છે. જયારે રાત્રિના ૯ થી સવાર સુધી કરફયુ પણ રાખવામાં આવ્યો છે. આવા સંજોગોમાં કોરોનાનુ સંક્રમણ ઘટવાનુ નામ લેતુ નથી. બે મહીના અગાઉ શહેરમાં કોરોનાની મહામારીએ પગપેસારો કર્યો હતો. જયારે શરૂઆતના તબક્કે માત્ર ૭ જેટલા કેસ જ હતા. ત્યારબાદ લોકડાઉનના અંતે રોજબરોજ કેસ વધતા આજે ફકત ગાંધીનગર શહેરમાં જ ૧૨૩ જેટલા કેસ છે. શહેરમાં કોરોના નવા દર્દીઓ રોજબરોજ વધી રહ્યા છે. નવા કેસ ધ્યાને આવતા સ્થાનિક રહીશો પણ કોરોનાથી બચવા માટે સતર્ક થઈ રહ્યા છે. કોરોનાના કેસ શહેરમાં ડબલ થતા

● અનુસંધાન પાન-૭ પર




**દુઃખદ અવસાન**

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **વિનુભાઈ ડાહ્યાભાઈ પટેલ** (ગામ-ભાત, હાલ-ગાંધીનગર) તા.૦૩-૦૬-૨૦૨૦ને બુધવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે.

નોંધ : વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને બેસણું રાખેલ નથી

પ્લોટ નં.૩૨૦/એ, સેક્ટર-૨૩, ગાંધીનગર. મો. ૯૩૭૬૧ ૪૦૪૪૪

ભાવિન વિનુભાઈ પટેલ (પુત્ર-USA)
તરંગ વિનુભાઈ પટેલ (પુત્ર)
ફર્મ : ઈલેક્ટ્રોવેર ઈન્ફોટેક પ્રા.લિ.

મધુબેન વિનુભાઈ પટેલ (પત્નિ)
ટીના ભાવિન પટેલ (USA)
મેઘા તરંગ પટેલ

ડાહ્યાભાઈ ચતુરભાઈ પટેલ પરિવાર (ભાત-અમદાવાદ) તથા એમ. બી. પટેલ પરિવાર, વાવોલ, ગાંધીનગર



ભાવનગર દેસાઈ સઈ સુથાર

**દુઃખદ અવસાન**

મારા ધર્મપત્ની અ.સૌ. **સાવિત્રીબેન ચીમનલાલ ગોહેલ** તા.૦૪-૦૬-૨૦૨૦ ને ગુરૂવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

નોંધ : વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને લૌકિક ક્રિયા રાખેલ નથી, ટેલિફોનિક બેસણું તા.૫-૬-૨૦૨૦ ને શુક્રવારના રોજ રાખેલ છે

લિ. શ્રી.ચીમનલાલ ઝવેરભાઈ ગોહેલ
નિવૃત મુખ્ય ઈજનેર માંર્ગ અને મકાન વિભાગ-૮૭૮૦૪૨૬૯૧૮

પારૂલબેન પુષ્કરરાય દેસાઈ (પુત્રી) ૯૪૦૯૦૭૨૬૯૧
નિલેશભાઈ ચીમનલાલ ગોહેલ ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર ૯૭૫૭૦૨૨૫૪૮

પરેશભાઈ ચીમનલાલ ગોહેલ અદાણી પોર્ટસ-૯૮૭૯૨૦૬૫૩૯
ઉદયન ચીમનલાલ ગોહેલ આઈ.ટી.પ્રોફેશનલ -૯૯૨૫૮૮૨૬૧૦
તથા સમસ્ત ગોહેલ પરિવાર

નિવાસસ્થાન : ૨૦,સર્વોદયનગર, સેકટર-૩૦, ગાંધીનગર-ગુજરાત


# નગરમાં મોડીરાત્રે વરસાદનુ હળવા ઝાપટાથી ભીંજારો પ્રવર્તયો

## અગાશીમાં સુતેલા સેકટરવાસીઓ દોડીને ઘરમાં ઘુસ્યા : સતત ત્રણ દિવસથી વાતાવરણ પલ્ટો : નગરજનોને આકરી ગરમીમાં રાહત

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં ગઈકાલે મોડીરાત્રે અચાનક જ વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. દિવસના વાદળિયા વાતાવરણના અંતે રાત્રિના સમયે વરસાદનુ હળવુ ઝાપટુ વરસતા સેકટરોમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. મોડીરાત્રે વરસાદ વરસતા ધાબા પર સુતેલા નાગરિકોની ઉંઘમાં ખલેલ પડી હતી. વાતાવરણ પલ્ટાના લીધે નાગરિકોને ગરમીમાં રાહત અનુભવી હતી આજે પણગરમીનો પારો ૩૮ ડીગ્રીની આસપાસ રહ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા દોઢ મહીનાથી ગરમીએ આક્રમક સ્વરૂપ ધારણ કર્યુ હતુ. ગરમીનો પારો સતત ૪૧ થી ૪૪ ડીગ્રી વચ્ચે રહેતા નગરજનોએ અંગારા વરસતી ગરમીનો અહેસાસ કર્યો હતો. બપોર થતા જ સમગ્ર શહેર આગની ભઠ્ઠીમાં લપેટાઈ ગયુ હોય તેવો અહેસાસ નગરજનો કરી રહ્યા હતા પરંતુ નિસર્ગ વાવાઝોડાની અસર વચ્ચે ગરમીનો પારો અચાનક જ ગગડયો છે. રોજબરોજ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળી રહ્યો છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. ગઈકાલે મોડીરાત્રે વરસાદનુ હળવુ ઝાપટુ વરસ્યુ હતુ. જેના લીધે શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. આક્રમક ગરમીના અંતે વાતાવરણ પલ્ટાથી નાગરિકો ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે. પરંતુ વારંવાર બદલાતા વાતાવરણના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. હાલ કોરોનાની મહામારીથી આમ પણ જનજીવન પ્રભાવિત છે. ત્યારે સતત બદલાતા મોસમના

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયત સંકુલના રિનોવેશનનું કામ ઝડપથી હાથ ધરવા તાકીદ

## બે માળની મુલાકાત દરમ્યાન ગંદકી જોઈ ડીડીઓની સખ્ત નારાજગી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવનિયુક્ત જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનો જિલ્લા પંચાયત બિલ્ડીંગના બે માળની મુલાકાત લઈ અને ગંદકી જોઈ સખ્ત નારાજગી વ્યકત કરી તંત્રના અધિકારીઓ સાથે સ્વચ્છતા તેમજ બિલ્ડીંગના રિનોવેશન માટેની કામગીરી ઝડપથી કરવા સૂચનાઓ આપી છે.

ગઈકાલે તેમણે પંચાયતના બિલ્ડીંગના બે મજલા પર બેસતી વિવિધ શાખાઓની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેઓ ગંદકી જોઈ સખ્ત નારાજ થયા હતા. આ ઉપરાંત અધિકારી અને કર્મચારીઓની સંખ્યા અને કામગીરી શાખાઓને જોઈ કચેરીનું સંકુલ નાનુ પડી રહ્યુ છે તેવી લાગણી સ્પષ્ટ રીતે વ્યક્ત કરી હતી.

સુશ્રી દુહાને આજે જિલ્લા પંચાયતના વિવિધ શાખાના અધિકારીઓ સાથે અલગ-અલગ બેઠક પણ કરી હતી.

બાંધકામ શાખા સાથેની બેઠક દરમ્યાન તેમણે સંકુલના રિનોવેશન માટે કરાયેલ જોગવાઈ તેમજ તે કામ ઝડપથી હાથ ધરવાની સૂચના આપી હતી.

તેમણે આરોગ્ય અધિકારીઓ સાથે બેઠક કરી કોરોના અંગેની સ્થિતિ તેમજ ફેસેલીટી સેન્ટરો શરૂ કરવા અંગે ઉપરાંત હાલ ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરોમાં કેટલા લોકો છે તે સહિત વિવિધ બાબતોને આવરી લઈ તંત્રના કોરોના સામે લડવાની વ્યુહરચનાની જાણકારી મેળવી હતી.

સુશ્રી દુહાને બીજી પણ કેટલીક શાખાના અધિકારીઓ સાથે યોજનાઓના અમલીકરણને લઈ જાણકારી મેળવી હતી તેમજ જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com